વન અને પર્યાવરણ વિભાગ હેઠળના અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સના તાબાની કચેરીઓમાં ફરજ બજાવતા રોજમદારોને રાજ્ય સરકારે સ્વીકારેલ સાતમા પગારપંચની ભલામણોનો લાભ આપવા બાબતેના તા.૧૮/૦૩/૨૦૨૩ના ઠરાવમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક : FED/POA/e-file/6/2023/1810/D5 Section
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૪/૦૩/૨૦૨૫

**વંચાણે લીધા :**

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૫/૦૯/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક : વનમ-૩૦૨૦૧૩-૨૧૩૮-ડી-૨

(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૦૬/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : વનમ-૩૦૨૦૧૩-૨૧૩૮-ડી-૨

(૩) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૨૧/૦૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : વનમ-૩૦૨૦૧૩-૨૧૩૮-ડી-૨

(૪) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/પગાર એકમ

(૫) નામ. ગુજરાત હાઈકોર્ટનો હુકમ તા.૨૮/૧૧/૨૦૨૨ ઈન એસ.સી.એ ૬૪૦૧/૨૦૨૨, ૭૯૩૯/૨૦૨૨ અને ૮૪૫૬/૨૦૨૨

(૬) વન અને પર્યાવરણ વિભાગનો તા.૧૮/૦૩/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૭/૨૦/ડી-૫

(૭) વન અને પર્યાવરણ વિભાગનો તા.૨૨/૧૨/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: FED/POA/e-file/6/2023/1810/ D5 Section PF-1

(૮) નામ. ગુજરાત હાઈકોર્ટનો હુકમ તા.૨૨/૦૨/૨૦૨૪ ઈન એસ.સી.એ ૬૪૦૧/૨૦૨૨, ૭૯૩૯/૨૦૨૨ અને ૮૪૫૬/૨૦૨૨

(૯) વન અને પર્યાવરણ વિભાગનો તા.૦૫/૧૨/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: FED/POA/e-file/6/2023/1810/ D5 Section PF-1

(૧૦) એસ.એલ. પી નં-૧૫૨૮૬/૨૦૨૧ ઈન એલ.પી.એ નં-૬૧૯/૨૦૨૨માં નામદાર સુપ્રિમકોર્ટનો તા.૨૦/૦૩/૨૦૨૩નો વચગાળાનો હુકમ

**પ્રસ્તાવના :**

વંચાણે લીધેલ, ક્રમાંક: (૬)ના તા.૧૮/૦૩/૨૦૨૩ના ઠરાવથી વન અને પર્યાવરણ વિભાગના રોજમદારોને ઠરાવની તારીખથી રાજ્ય સરકારે સ્વીકારેલ સાતમા પગારપંચની પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક : (૭) ના ઠરાવથી તેમને સાતમા પગારપંચની પગાર સુધારણાનો લાભ તા.૦૧/૦૧/૨૦૧૬ થી આપવામાં આવેલ છે અને વંચાણે લીધેલ ક્રમાંક : (૯)ના ઠરાવથી તા.૦૧/૦૧/૨૦૧૬થી એરિયર્સનો લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક-(૧૦) માં દર્શાવેલ એસ.એલ.પી નં-૧૫૨૮૬/૨૦૨૧ નામદાર સુપ્રિમ કોર્ટમાં પડતર છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૮) ના નામદાર હાઈકોર્ટના તા.૨૨/૦૨/૨૦૨૪ના હુકમથી તા.૧૮/૦૩/૨૦૨૩ના ઠરાવની શરત નં-૬ અને ૧૪ અન્વયે વિચારણા કરવા જણાવેલ હોઈ, પ્રસ્તુત બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ :**

(૧) તા.૧૮/૦૩/૨૦૨૩ના ઠરાવની પ્રસ્તાવનામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

" રોજમદારોએ કોઈ સરકારી કર્મચારી નથી અને સરકારી કર્મચારીને મળતા તમામ લાભો/સવલતો માટે પણ તેઓ પાત્રતા ધરાવતા નથી. પરંતું, ઉપર વંચાણે લીધેલ ક્રમાંક : (૧) થી (૩) માં દર્શાવેલ ઠરાવોની જોગવાઈઓ અનુસાર સેવાનો સમયગાળો ધ્યાને લઈ લઘુતમ વેતન, ફીક્ષ પગાર અને છઠ્ઠા પગાર પંચના પગારધોરણ મુજબ પગાર આપવામાં આવેલ અને ત્યારબાદ સંદર્ભ –(૪) ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ પગારધોરણનો લાભ આપતાં વન અને પર્યાવરણ વિભાગ હસ્તકના ખાતા વડા હેઠળના રોજમદારોને પણ સાતમા પગાર પંચનો લાભ આપવા અંગેની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી "

(૨) નામદાર સર્વોચ્ચ અદાલતમાં વિચારણાધીન એસ.એલ.પી નં-૧૫૨૮૬/૨૦૨૧ ઈન એલ.પી.એ નં- ૬૧૯/૨૦૨૦ ઈન એસ.સી.એ નં-૧૬૦૮૪/૨૦૧૮ (Connected with SLP No-4827/2023 In LPA-1048/2022 In SCA-16903/2020)માં આવનાર આખરી ચુકાદાને આધિન વિભાગના તા.૧૮/૦૩/૨૦૨૩ના ઠરાવની શરત નં- ૬ અને ૧૪ રદ કરવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર સરકારશ્રીની તા. ૦૪ /૦૩/૨૦૨૫ ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવન ભાવસાર)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રા.ક. મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ) સામાન્ય વહીવટ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શ્ર. અને રો.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આ. બા) નાણા વિભાગના અંગત સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સંયુકત નિયામકશ્રી, ઇ.ડી.પી. સેલ, બ્લોક નં. ૧૭, જુના સચિવાલય, ગાંધીનગર.

-સંયુક્ત નિયામકશ્રી, પગાર ચકાસણી એકમ (PVU) , વિમા લેખા ભવન, જુના સચિવાલય,ગાંધીનગર.

- નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, જૂના સચિવાલય, ગાંધીનગર.
- સર્વ વર્તુળ કચેરીઓ. (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-મુકામી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-નાણા સલાહકારશ્રી (વન), નાણા વિભાગ, બ્લોક નં.૧૧, નવા સચિવાલય, ગાંધીનગર.

-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.

-સર્વે જિલ્લા લોકલ ફંડ કચેરી.

-નાયબ સેકશન અધિકારીશ્રી ની પસંદગી ફાઇલ.

-શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by:BHAVAN BHAVSAR
Under Secretary (I/C)
Date:2025.03.04
22:20:41 +5:30